# ઋણસ્વીકાર

પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડની અખબારની કૉલમના શીર્ષક અનુસાર કહું તો ‘મારે ક્યાં લખવું હતું?’ ફેસબુક પર લખવાનું શરૂ કર્યા પછી, ક્યારે આ બીજું પુસ્તક લખાઈ ગયું એની ખબર મને પણ ન પડી! ખાસ કરીને ‘રઘાયણ’ પુસ્તક લખવા માટેનું ઉદ્દીપન (પ્રેરણા) તો ફેસબુકના મિત્રો દ્વારા જ મળ્યું છે. શાહબુદ્દીનભાઈને વાંચ્યા અને સાંભળ્યા પછી એક વાત સમજાઈ કે દરેક માણસની આજુબાજુ એવા લોકો હોય જ છે જે લખવા-વિચારવા માટે પૂરતી કાચી સામગ્રી પૂરી પાડતા હોય છે. આ લૉજિક મુજબ, આપણે પોતે પણ કોઈ ને કોઈ લેખક કે કવિ માટે ‘કાચી સામગ્રી’ જ છીએ! શાહબુદ્દીન રાઠોડની જેમ હું પણ દોસ્તોની બાબતમાં ઘણો સમૃદ્ધ છું. મિત્રોની ઠઠ્ઠા-મશ્કરીવાળી શૈલી અને માહોલની પ્રેરણા માટે, જાણ્યે-અજાણ્યે તેમનો પ્રભાવ જોતાં, તેમનો ખૂબ-ખૂબ આભાર. મને તો એવું લાગે છે કે દોસ્તો સાથે પસાર કરેલા સમય દરમિયાન આયુષ્યરેખા પણ થંભી જતી હશે! જે લોકો દોસ્તો સાથે વધારે સમય વિતાવે છે, તેઓ હંમેશાં વધારે યુવાન દેખાય છે.

ગુજરાતી વાર્તાકાર ‘માય ડિયર જયુ’ની વાર્તા ‘મને ટાણા લઈ જાવ!’ની શૈલીની ઝલક જો આ પુસ્તકના ‘પ્રવેશ’માં કે અન્યત્ર ક્યાંય જોવા મળે, તો એ માત્ર તેમના સાહિત્યની મારા મસ્તિષ્ક પર અંકાયેલી કાયમી છાપનું રિઍક્શન હોઈ શકે! આવા ઉમદા સાહિત્ય થકી પ્રેરિત કરવા માટે ‘અવર ડિયર જયુ’નો પણ આભાર.

સાહિત્યની વિવિધ વિધાઓ પૈકી વ્યંગ એક અત્યંત સબળ વિધા છે; ખાસ કરીને ત્યારે, જ્યારે સમાજમાં દુઃખ, ડર કે આશંકાઓનાં વાદળો ઘેરાયેલાં હોય! આવા સમયે વ્યંગ વ્યક્તિને પોતાના વ્યાકુળ મસ્તિષ્ક સાથે રાહત અને સામંજસ્ય સ્થાપવામાં સહાયક બને છે અને ‘આ સમય પણ જતો રહેશે’ એ હકારાત્મક ભાવનાને પ્રબળ કરે છે.

આ લેખો સાહિત્યની પરિભાષામાં કેટલા સબળ છે, એ બાબતે હું પોતે અજ્ઞાત છું. આથી, સાહિત્યના ગંભીર ઉપાસકોએ આ પુસ્તક અહીં જ છોડી દેવું; કારણ કે આમાં જ્ઞાનના નામે ‘મીંડું’ છે અને મનોરંજનના નામે કદાચ તમને થોડો પરસેવો વળી શકે છે!

આ આખી કથાનો અસલી નાયક 'રઘો' તો હું પોતે જ છું, જે મારી અંદર જ ક્યાંક જીવે છે – થોડો ભોળો, ભારે ઉતાવળો, હદ બહાર ઉત્સાહી, લાગણીશીલ અને જરૂરત કરતાં વધારે પડતો લગ્નોત્સુક! આપણો આ સો-કોલ્ડ પ્રબુદ્ધ સમાજ આવા અતિ-ઉત્સાહી માણસને સીધો 'મૂર્ખ'ની કેટેગરીનું સર્ટિફિકેટ આપી દે છે, કારણ કે કદાચ આખા સમાજને મૂર્ખ બનાવવાની સ્માર્ટ સમજ એ બિચારા રઘામાં નથી.

રઘાની પરણવા માટેની આ આકુળવ્યાકુળ લાગણી અને તેની બારે માસ ચાલતી 'વાંઢાવસ્થા' જેવાં અસલ પાત્રો મારી આસપાસ 'વાંઢા સ્કોડ' બનીને ફરતાં મેં ઘણાં જોયાં છે. દીકરીના બદલામાં દીકરી આપવાની સાટાપ્રથા, કન્યાવિક્રય, સ્ત્રી-પુરુષ જન્મદરનો ખોરવાયેલો અસમાન રેશિયો, આર્થિક અસમાનતા, બેકારી અને વ્યસન જેવી આપણે જ ઊભી કરેલી માનવસર્જિત પરિસ્થિતિઓને કારણે મેં મારી આસપાસ અનેક યુવાનોને ઘોડે ચડવા માટે પોતાના 'પ્રાકૃતિક આવેગો' સામે સવાર-સાંજ લડતા જોયા છે. આટલી કપરી પરિસ્થિતિમાં પણ તેમના પરણવાના આશાવાદી મનોભાવોને મેં બહુ નજીકથી અને ગંભીરતાથી અનુભવ્યા છે. બસ, આ જ કરુણ લાગણીને થોડી હળવીફૂલ બનાવી, તેના પર રમૂજનો મસાલો ભભરાવી સમાજ સમક્ષ રજૂ કરવાનો આ એક નમ્ર પ્રયત્ન છે. આ કટાક્ષ બિચારા કુંવારાઓ પર નથી, પરંતુ તેમને કુંવારા રાખતી સમાજની ખોખલી વિષમતાઓ પર છે, છતાં જો આ રસોઈમાં કોઈ કચાશ કે મરચું ઓછું રહી ગયું હોય, તો એ મારી કલમની મર્યાદા હોઈ શકે.

આ પુસ્તકમાં તળપદી (ભાવનગર જિલ્લાના મહુવાથી તળાજાના સાગરકિનારાના લોકોની) લોકબોલીનો પ્રયોગ કરવાનો એકમાત્ર ઉદ્દેશ્ય મારી માતૃભાષાને જીવંત રાખવાનો છે; જ્યાં અમે 'ચ-છ-સ, શ-ષ, ળ-ર અને જ-ઝ' વચ્ચે કોઈ ભેદભાવ રાખ્યા વિના, બધા જ અક્ષરોને સમાન ભાવથી ઉપયોગમાં લઈએ છીએ. આ સાથે એ વાતની પણ ખાસ તકેદારી રાખી છે કે વાચકને આ તળપદા શબ્દો કરડા મઠની જેમ ખટકવાના બદલે, હાજમોલાની જેમ મોંમાં મમળાવવા ગમે!

•

ફેસબુક પર રઘાના માધ્યમથી રાજકીય વ્યંગ પોસ્ટ લખવાની શરૂઆત કરેલી, જેને વાચકો તરફથી ખૂબ સારી સરાહના મળી. આ પોસ્ટ્સ વાંચીને જ ઘણા મિત્રોએ આ થીમ પર આખું પુસ્તક લખવાનો વિચાર આપ્યો. અમારા વડીલ શ્રી વૈદ્ય નટુભાઈ જોશીએ તો પુસ્તક લખવાનાં કોઈ એંધાણ નહોતાં, ત્યારે જ

આ પુસ્તકનું નામકરણ કરી દીધેલું! 'રઘાયણ' જેવું સચોટ નામ આપવા બદલ દાદાનો હૃદયપૂર્વક આભાર. ફેસબુક પર મારો ઉત્સાહ સતત વધારનાર ગુરુવર્ય સતીશભાઈ દવે તથા ચંપક જોશી, જગત ભટ્ટ, તુષાર પટેલ, શૈલેશ રુગ્નાની અને હિમાંશુ ત્રિવેદી સહિતના તમામ મિત્રોનો આભાર.

મારી સફળતાથી હંમેશાં હરખાઈ જતા ડૉ. મેઘજી ઘોઘારી, બટુકભાઈ જોળિયા, અલ્પેશ જાની, જિજ્ઞેશ જોશી (બેલા), અશ્વિન કાનાણી, જિજ્ઞેશ વેદાણી, કૌશિક ખરડ, શ્લોક અને જિયાંશને પણ આ તકે યાદ કરવા ઘટે. રાજુ બારૈયા અને વિપુલ કોરડિયા જેવા સબળ દોસ્તોએ ભાષાશુદ્ધિની બાબતમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપ્યું છે, તે બદલ હું તેમનો આભારી છું.

બે એવી વ્યક્તિ છે જેમનો આભાર માનીને હું તેમનો રોષ વહોરવા નથી માગતો. મિતુલ ઠાકર (મોટા ભાઈ અને મારી લેખનયાત્રાના માર્ગદર્શક), જેઓ મને લખવા માટે સતત પ્રોત્સાહિત કરતા રહે છે. નાનો ભાઈ જિજ્ઞેશ, જેના માટે 'મેં સારું કર્યું કે નહીં?' એ વાત કરતાં 'મેં કર્યું' હોવાથી તે પોરસાતો રહે છે.

વ્યવસાયની સાથેસાથે લેખન માટે સમય કાઢવો એટલે પરિવારના હિસ્સાના સમયનો ભોગ આપવો. જેમની સહનશીલતા અને સમયના ભોગે આ શક્ય બન્યું છે, તે મારી સહચારિણી સોનલ તથા બાળકો જાનશી, જનમ, કનક અને કનિકાને કેમ ભુલાય? આ બધાંની વચ્ચે, માતા-પિતાના આશીર્વાદ વિના તો આ કશું જ શક્ય નહોતું.

મારા આ પુસ્તકને પ્રકાશિત કરવા માટે સબળ મંચ પૂરો પાડનાર 'ઝેન ઓપસ' પ્રકાશનનો પણ દિલથી આભાર.

સૌપ્રથમ તો એ તમામ લોકોનો આભાર જેમણે મને આ પુસ્તક લખવા માટે 'પ્રેરણા' આપી છે. પ્રેરણા એટલે કે એવા લોકો, જેમણે પોતાની અતરંગી હરકતો દ્વારા મને વ્યંગ લખવા માટે મજબૂર કર્યો! જો દુનિયામાં આટલા વિચિત્ર અને અદ્ભુત લોકો ન હોત, તો આ પુસ્તક ક્યારેય જન્મી શક્યું ન હોત!

"આ પુસ્તક વાંચ્યા પછી તમારું શેર લોહી તો વધશે નહીં, પણ હસવાના કારણે બે-ચાર કેલરી જરૂર બળશે!"

આપનો અમૂલ્ય પ્રતિભાવ આવકાર્ય છે.

**– કિરણ ઓઝા**

# અનુક્રમ


પ્રવેશ---------------------------------------1

1. રઘો : જીવનકવન---------------------------8

2. ચાર સાવજ------------------------------13

3. રઘો રઘવાયો થયો-------------------------17

4. રઘો, રુપિયો અને રેવડી---------------------20

5. રાહાનો કેમિકલ લોચો-----------------------24

6. રઘાનું રમણભમણ--------------------------29

7. વિસર્જન---------------------------------34

8. રઘાની ચિંતા------------------------------41

9. ગામ ઠેકડી કરે----------------------------47

10. રઘાએ રોન કાઢી--------------------------56

11. રઘો રણે ચડ્યો---------------------------63

12. રઘા ઇઝ બેક-----------------------------67

13. ઘો, ઘૂઘો ને રઘો--------------------------73

14. બલિદાન--------------------------------79

15. રઘો રંગે રોળાયો--------------------------86

16. રઘાએ વિતળી મંતરી-----------------------94

17. ભૂવો રૂવે ભેંકાર--------------------------103

18. રઘાનો પગ કૂંડાળામાં પડ્યો-------------------112

19. રઘાનું A to Z---------------------------118

20. ઔરંગઝેબની કરપીણ હત્યા-------------------124

21. રઘાની બિઝનેસ ઈસ્કીમ---------------------132

22. રઘાના ઘરે ઈ.ડી. ત્રાટકી-------------------144

23. બિપરજોય અને લખમણ ગાંડા-----------------148

24. રઘાનાં ઘડિયાં લગ્ન-----------------------153

25. અંતે...----------------------------------158